# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- ❖ રાજ્યમાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થતાં જ ચૂંટણી તંત્ર દ્વારા આચારસંહિતના પાલન માટેની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે..
- ❖ આવતીકાલે યોજાનારા મતદાન માટે ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ અપાઇ રહ્યો છે.. મતદાન મથકો ઉપર 170થી વધુ વસ્તુઓ સાથેની કિટનું વિતરણ..
- ❖ એકપણ મતદાર મતદાન વિના ન રહે તે માટે તંત્ર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.... રાજકોટમાં મતદાનને દિવસે બાઇકર્સ શેરીએ શેરીએ ફરીને મતદાન કરવા અપીલ કરશે
- ❖ હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન સુરત અને દિવમાં હિટવેવની આગાહી કરી છે... વાદળછાયા વાતાવરણ વચ્ચે સૌથી વધુ ભાવનગરમાં **41** ડિગ્રી તાપમાન નોંધાયું
- ❖ અમદાવાદમાં યોજાઇ રહેલી ગુજરાત ફૂટબોલ લીગ મેચમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ , વડોદરા વોરિયર્સ અને કર્ણાવતી નાઇટસનો વિજય ..

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ELE. CAMPING- KULDIP AARY

રાજ્યમાં ગઇકાલ સાંજથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા. અધિક મુખ્ય ચૂંટણી અધિકારી ડો. કુલદીપ આર્યએ ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ જાહેર કર્યો હતો. રાજ્યમાં મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ યોજવા ગુજરાતનું ચૂંટણી તંત્ર પ્રતિબધ્ધ છે. ભારતના ચૂંટણી પંચની સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનું રાજ્યભરમાં પાલન થાય તે માટેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાઇ છે. મતદાનની પ્રક્રિયાઓ મતદારો માટે સુખદ અનુભવ બની રહે તે માટે ગુજરાતનું ચૂંટણી તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

પ્રચાર પડઘમ શાંત થતાની સાથે ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં રાજકીય પાર્ટીઓના બેનર અને જાહેરાતના પોસ્ટર્સ ઉતારી લેવામાં આવી રહ્યા છે. સાથે સાથે તકેદારીના ભાગરૂપે પ્રચાર માટે બહારથી આવેલા રાજકીય પાર્ટીના પ્રતિનિધીઓ ન રોકાય તે માટેની તપાસ કરવામાં આવી રહી છે.

---

-રીપીટ

# GUJ. ELECTION CAMPING

આગામી સાતમી મેના રોજ રાજ્યની 25 લોકસભા અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ વિધાનસભાની બેઠકોની ચૂંટણી માટે જાહેર પ્રચારના પડઘમ શાંત થયા છે. હવે ઉમેદવારો વ્યક્તિગત રીતે મતદારોને મળીને ચૂંટણી પ્રચાર કરી શકશે.

રાજ્યમાં યોજાનારી ત્રીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું 12મી એપ્રિલે પ્રસિધ્ધ થયું હતું. લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે જ્યારે સુરત લોકસભાની બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે.

આગામી સાતમી મેના રોજ રાજ્યમાં સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થશે અને સાંજે છ વાગ્યે પૂર્ણ થશે. મતદાનના દિવસે મતદાન માટે સવેતન રજા મળે છે, ન મળે તો 1950 પર ફરિયાદ કરી શકાય છે. મતદાન મથકે મોબાઇલ ફોન લઇ જઇ શકાશે નહીં.

આ ચૂંટણીઓમાં રાજ્યના ચાર કરોડ 97 લાખ 68 હજાર 677 મતદારો મતદાન કરશે, જેમાં 2 કરોડ 56 લાખ 16 હજાર 540 પુરુષો, 2 કરોડ 41 લાખ 60 હજાર 603 સ્ત્રીઓ અને ત્રીજી જાતિના 1 હજાર 534 મતદારો છે જેમાં બાર લાખ કરતાં વધુ પ્રથમ વખત મતદાન કરશે.

---

-રીપીટ

# AHMEDABAD WEB CASTING ROOM

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત અમદાવાદકલેક્ટર કચેરી ખાતે વેબકાસ્ટિંગ કન્ટ્રોલ રૂમ તૈયાર કરી દેવામાં આવ્યો છે, જેની મુલાકાત અમદાવાદ જિલ્લાના ચૂંટણી નિરીક્ષકો દ્વારા લેવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લામાં કુલ 2 હજાર 741 મતદાન મથકોથી વેબ કાસ્ટિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ વેબકાસ્ટિંગનું સતત નિરીક્ષણ કરવા માટે કલેક્ટર કચેરીના કૉન્ફરન્સ હોલ ખાતે 42 ટીવી સ્ક્રીન ગોઠવવામાં આવી છે. વેબકાસ્ટિંગના નિરીક્ષણ માટે 50 જેટલા સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે.વિધાનસભા મતવિસ્તારમાં વેબ કાસ્ટિંગની કામગીરી સફળ રીતે પાર પડે એ માટે નોડલ ઓફિસરની નિમણૂક પણ કરવામાં આવી છે.

(બાઇટ – રિદ્ધિ શુકલ)

--------------------------------------------------------------------

- INFO-HARSHAL -(નવીન)

# KIT

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન માટે તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મતદાન કરવા આવનાર નાગરિકો અને ચૂંટણીની ફરજમાં રોકાયેલા કર્મીઓને હિટ વેવના સંજોગોમાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.ચૂંટણી તંત્ર દ્વારા બુથની સંખ્યા પ્રમાણે પ્રતિ બુથ એક કિટ તૈયાર કરવામાં આવી છે. જે કિટમાં 170 જેટલી વસ્તુઓ મૂકવામાં આવે છે. જેમાં નાનામાં નાની ટાંકણીથી લઈને પોસ્ટર સુધી તમામ પ્રકારની નાની મોટી સામગ્રીઓ, સ્ટેશનરીની આશરે 31 જેટલી વસ્તુઓ, કવર, ફોર્મ, અવિલોપ્ય શાહી  જેવી અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે.

આ બધી સામગ્રીઓ રાજ્ય ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.જિલ્લામાં સૌ પ્રથમ વખત દરેક બુથ પર ૩ જેટલી વિશેષ કિટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી સામગ્રીઓ ઉપરાંત વેલ્ફેર કિટ, હાઇજીન કિટ અને મેડિકલ કિટ તમામ બૂથમાં રાખવામાં આવશે. વેલ્ફેર કિટમાં સૂકો નાસ્તો, ચોકલેટ, બિસ્કિટ જેવું રાખવામાં આવશે. જ્યારે હાઈજીન કિટમાં સાબુ, મોસ્કિટો રેપિલન્ટ કિટ જેવી વસ્તુઓ રખાશે. અને મેડિકલ કીટમાં જરૂરી દવાઓ અને ORSના પેકેટ વગેરે મૂકવામાં આવશે. તડકામાં માં રાહત મળે તે માટે  ભાવનગરમાં ચૂંટણી ફરજ પરના ફિલ્ડ ડયુટી સ્ટાફને ૩ હજાર ૫૦૦ ટોપી વિતરણ કરાઇ

---

- INFO-PTC-BHAVNAGAR HARSHAL -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફૉલો કરી શકો છો, અને અમારી Yotube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................

DESK

# MATDAR JAGRUTI

ગાંધીનગર શહેરના ઘ-2 સર્કલ પાસે મહેન્દ્ર કાકાની સોડા દ્વારા સાત મેના રોજ મતદાન જાગૃતિ માટે નવતર પ્રયોગ હાથ ધરાયો છે.. જે વ્યક્તિ મતદાન કરીને નિશાન બતાવશે તેને ઘ-2 સર્કલ ખાતે ફ્રી સરબત મતદાનના દિવસે સવારે 11 થી 5 વાગ્યા સુધી ફ્રી આપવામાં આવશે. સાથે જ રાયસણ અને કુડાસણ ખાતે પણ સોડા ફ્રી આપવામાં આવશે.ચૂંટણી પંચ દ્વારા એક પણ મતદાર મતદાન વિના ન રહે તેવા પ્રયાસો હાથ ધરાયા છે જે અંતર્ગત બોટાદમાં રન ફ્રોન વોટ યોજાઇ હતી..

બોટાદ શહેરના એ.પી.એમ.સીથી સરકારી હાઈસ્કૂલ સુધી યાજેયલી "રન ફ્રોર વોટમાં મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ પોલીસ કર્મીઓ, શિક્ષકો તેમજ ડોક્ટરો, ઘોડેસવાર જવાનો સહિત અન્ય નાગરિકોએ જોડાયા હતા અને અવશ્ય મતદાન કરવા શપથ લીધા હતા. આવો જ એક પ્રયાસ સુરેન્દ્રગરના ચોટીલાના મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. મૂળી ગામમાં મહિલા મતદારોને પ્રોત્સાહિત કરવા જે પરિવાર સાથે મતદાન માટે જશે તેમને જાગૃત મતદાર કુટુંબ તરીકે ઓળખવામાં આવશે.

આવા જાગૃત મતદાર કુટુંબોને ૧૫મી ઓગસ્ટના રોજ તાલુકા કક્ષાની ઉજવણીમાં સન્માનિત પણ કરવામાં આવશે. તેમજ આગામી ૫ જૂનનાં રોજ વિશ્વ પર્યાવરણ દિવસના રોજ એક વૃક્ષ આ પરિવારના નામે રોપવામાં આવશે .

---

- PTC-GNR, BOTAD- SURENDRNAGAR- HARSHAL -(નવીન)

# RAJKOT BIKERS

રાજકોટના રેસકોર્સ રિંગ રોડ પરથી એક વિશાળ બાઇક રેલી યોજાઇ હતી. અટલ સરોવર સુધી યોજાયેલી આ બાઇક રેલીનો આશય મતદાન જાગૃતિનો હતો.. આ બાઇકર્સ હવે સાતમી તારીખના રોજ રાજકોટની શેરીઓમાં ફરીને મતદાન માટે મતદારોને પ્રેરિત કરશે.. આ રેલીને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી અને પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર દ્વારા રેસકોર્સ બહુમાળી ભવન ખાતેથી ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવાયું હતું.

---------------------------------------------------------------------

- RAJKOT-HARSHAL -(નવીન)

# DANG CHECKING

ડાંગમાં ચૂંટણી નિષ્પક્ષ અને પારદર્શક યોજાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ડાંગ પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું છે..

જીલ્લાના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં 409 પોલીસ અધિકારો , 434 હોમગાર્ડ અને 500 જેટલા જીઆરડી જવાનો સહિત પેરામિલ્ટ્રી ફોર્સના જવાનો તૈનાત છે. ડાંગ એસપી યશપાલ જગાણીયા અને ડીવાયએસપી સુનિલ પાટીલ દ્વારા પોલીસ જીઆરડી હોમગાર્ડસ ના જવાનોને ચૂંટણી દરમિયાન કરવાની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.. ડુંગરાળ ડાંગ જિલ્લામાં 33 શેડો એરીયા અને 165 સંવેદનશીલ મતદાન મથકો ઉપર પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

--------------------------------------------------------------------

- PTC- DANG-HARSHAL -(નવીન)

# THIIRD RENDEMIZATION

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફનું થર્ડ રેન્ડમાઇઝેશન કરવામાં આવ્યું હતું. કમ્પ્યૂટરાઇઝ પદ્ધતિથી કરવામાં આવેલા આ થર્ડ રેન્ડમાઈઝેશન દ્વારા જિલ્લાના મતદાન મથકો માટે અંદાજે 24 હજારથી વધુ ચૂંટણી સ્ટાફ ફાળવાયો છે. આ સ્ટાફ આવતીકાલે તેમને સોંપાયેલા મતદાન મથકો પર જઈને ચૂંટણીના દિવસે મતદાનની પ્રક્રિયા કરાવશે.

જૂનાગઢ બેઠક માટે વેરાવળ પ્રાંત ઓફિસમાં ગીર સોમનાથ જીલ્લાની ચાર બેઠકો સોમનાથ, તાલાલા, કોડિનાર અને ઉના વિધાનસભા વિસ્તાર માટે સોફ્ટવેર દ્વારા માઈક્રો ઓબ્ઝર્વર અને પોલિંગ સ્ટાફની થર્ડ રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ રેન્ડમાઇઝેશનને આધારે ચૂંટણી ફરજ પરના સ્ટાફની ફાળવણી કરવામાં આવી હતી..

. . . . . . . . . . . . .

મા.ખાતું-પીટીસી-ગીર સોમનાથ-હર્ષલ પંડ્યા-યશ્વી

# WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં સુરતમાં અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી શક્યતા વ્યક્ત કરી છે. ત્યારબાદ બે દિવસ બાદ પોરબંદર અને ભાવનગરમાં ગરમીનો પારો વધશે તેવી ભીતીથી યલો એલર્ટ જાહેર કર્યો છે. આગામી બે દિવસ રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં વધારો થઇ શકે છે. ગઇકાલે સૌથી વધુ તાપમાન ભાવનગરમાં 41 ડિગ્રી નોંધાયું હતું જ્યારે અમરેલીમાં 40.8 અને સુરતમાં 40 ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં 39.2 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી બેથી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં મહત્તમ તાપમાન વધી શકે છે.

---

-રીપીટ

# FOOTBALL

અમદાવાદ ખાતે ચાલી રહેલી ગુજરાત ફૂટબોલ લીગ મેચના  ચોથા દિવસે પ્રથમ મેચ સુરત સ્ટ્રાઇકરસ તથા સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ વચ્ચે રમાઇ હતી. જેમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સનો સુરત સ્ટ્રાઇકર્સ સામે 1-0થી વિજય થયો હતો..

બીજી મેચ અમદાવાદ એવેંજરસ તથા વડોદરા વોરિયર્સ વચ્ચે યોજાઇ હતી જેમાં વડોદરા વોરિયર્સની  3- ૫થી જીત થઇ હતી.. ત્રીજી મેચ ગાંધીનગર જયન્ટ્સ તથા કર્ણાવતી નાઇટસ વચ્ચે રમાઇ હતી  જેમાં કર્ણાવતી નાઇટ્સ 1-0 થી  વિજેતા જાહેર થઇ હતી....

----------------------------------------------------------------------

- PRESSNOTE-HARSHAL -(નવીન)